For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ઉમરપાડામાં 24, ડોલવણમાં 14, અંબિકામાં 11 ઈંચ વરસાદ

**સુરત,** તાપી, નર્મદા અને ભરૂચ જિલ્લામાં ભારે વરસાદથી અનેક ગામોમાં પાણી ઘૂસી ગયા

**ભારે** વરસાદને કારણે તમામ જિલ્લામાં અનેક રસ્તાઓ બંધ કરી દેવા પડ્યા

સુરત, વ્યારાઃ ભારે વરસાદે દક્ષિણ ગુજરાતમાં સુરતની સાથે સાથે તાપી, નર્મદા, ભરૂચ જિલ્લાને પણ ધમરોળી નાંખ્યો હતો. સુરત જિલ્લામાં એકમાત્ર ઉમરપાડા તાલુકામાં છેલ્લા 24 કલાકમાં 24 ઈંચ વરસાદ પડતાં આખો તાલુકો તરબોળ તઈ જવા પામ્યો છે. જ્યારે તાપી જિલ્લામાં ડોલવણમાં સૌથી વધુ ૧૮ ઈંચ અને વ્યારામાં ૧૦ ઈંચ વરસાદ નોંધાયો છે.

ઉમરપાડા, ડોલવણ અને વ્યારામાં પડેલા ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા, અનેક માર્ગો પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો અને લોકોના દૈનિક જીવન પર વ્યાપક અસર જોવા મળી. ભારે વરસાદના કારણે જિલ્લામાં જાનમાલને પણ નોંધપાત્ર નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. સુરત જિલ્લામાં અંબિકા તાલુકામાં 11.12 ઈંચ અને ઓલપાડમાં 11 ઈંચ વરસાદ નોંધાયો છે. કામરેજ તાલુકામાં 9.28 ઈંચ જ્યારે સુરત તાલુકામાં 6.76 ઈંચ વરસાદ વરસ્યો હતો. જેને ખેતીને નુકસાન કરવાની સાથે અનેક ખાનાખરાબી સર્જી હતી.

ઉમરપાડામાં ભારે વરસાદથી મોહન, વીરા અને ટોકરવા નદીઓમાં ઘોડાપૂર આવ્યા હતા. અંબિકા તાલુકામાં સતત વરસાદથી મહુવા-અનાવલ સ્ટેટ હાઈવે જળમગ્ન થઈ ગયો હતો. તો કાવેરી, અંબિકા અને ઓલણ નદીઓ ભારે ઉફાન સાથે ભયજનક સપાટીની એકદમ

...અનુસંધાન પાના 6 પર

### સુરત જિલ્લાનો છેલ્લા 24 કલાકનો વરસાદ

| તાલુકો | વરસાદ |
|---|---|
| ઉમરપાડા | 24.00 |
| અંબિકા | 11.12 |
| ઓલપાડ | 11.00 |
| કામરેજ | 9.28 |
| સુરત | 6.76 |
| ચોર્યાસી | 6.40 |
| માંડવી | 5.44 |
| પલસાણા | 5.40 |
| માંગરોળ | 5.00 |
| બારડોલી | 5.00 |
| મહુવા | 4.44 |
| અરેઠ | 4.32 |

### તાપી, ભરૂચ અને નર્મદાનો વરસાદ

| તાલુકો | વરસાદ |
|---|---|
| નેત્રંગ | 14.44 ઈંચ |
| ડોલવણ | 14 ઈંચ |
| વ્યારા | 10 ઈંચ |
| સોનગઢ | 9.2 ઈંચ |
| વાલોડ | 8 ઈંચ |
| ઉકાઈ | 6.6 ઈંચ |
| અંકલેશ્વર | 6.41 ઈંચ |
| ઝઘડિયા | 5.78 ઈંચ |
| હાંસોટ | 5.70 ઈંચ |
| ભરૂચ | 5.66 ઈંચ |
| વાલિયા | 4.29 ઈંચ |
| વાગરા | 3.46 ઈંચ |

## સુરત શહેર-જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિને પહોંચી વળવા માટે NDRFની 1 અને SDRFની 5 ટીમ તૈનાત

સુરત શહેર-જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદની સ્થિતિ અને હવામાન વિભાગની આગામી આગાહીને ધ્યાનમાં રાખીને તેમજ સુરત જિલ્લામાં સંભવિત આપાતકાલીન પરિસ્થિતિ, રાહત અને બચાવ કામગીરીને પાર પાડવા માટે NDRFની 1 અને SDRFની 5 ટીમોને જિલ્લાનાં વિવિધ સ્થળોએ તૈનાત કરવામાં આવી છે. NDRFની 1 ટીમ હાલ સ્વામી વિવેકાનંદ ઓડિટોરિયમ ખાતે તૈનાત છે, જ્યારે SDRFની 5 ટીમો સુરતના વિવિધ વિસ્તારોમાં ખડેપગે રાખવામાં આવી છે. જેમાં SDRF-1ની ટીમ ખરવરનગરમાં, SDRF-2ની ટીમ સુભાષનગરના લિંબાચિયા હોલ ખાતે, (જેમાં ગ્રુપ- 7 ખેડાના કુલ

...અનુસંધાન પાના 6 પર

## દ.ગુ.માં 7 જિલ્લાઓમાં આજે સ્કૂલ-કોલેજોમાં રજા

સુરતઃ ભારે વરસાદની આગાહીને પગલે સુરત, ભરૂચ, નર્મદા, વલસાડ, ડાંગ, નવસારી અને તાપી સહિત અસરગ્રસ્ત જિલ્લાઓમાં તમામ સરકારી, ગ્રાન્ટેડ તથા ખાનગી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો અને આંગણવાડીઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાના આદેશો કરાયા છે. દક્ષિણ ગુજરાતના ઉપરોક્ત જિલ્લાઓમાં સતત પડી રહેલા ભારે વરસાદને કારણે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાવા, રસ્તાઓ પર અવરજવરમાં મુશ્કેલીઓ અને હવામાન વિભાગ દ્વારા હજુ પણ ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટીતંત્રે વિદ્યાર્થીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા શાળાઓ અને કોલેજોમાં શુક્રવારે પણ રજા જાહેર કરવામાં આવી છે. સ્કૂલોમાં જે રજાઓ જાહેર કરવામાં આવી તે ગઈકાલ અને આજની બે રજાઓને અન્ય રજાના દિવસોમાં શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવાનું રહેશે.

### ચીખલી નજીક કાવેરી અને ખરેરા નદીના પૂરથી નેશનલ હાઈવે ઠપ: 5 કિમી લાંબો ટ્રાફિકજામ



(તસવીર : ધર્મેશ પટેલ)

ઘેજ: ચીખલીના બલવાડા પાસે કાવેરી નદીના પાણી નેશનલ હાઇવે પર ફરી વળતાં વલસાડ તરફનો વાહન વ્યવહાર મોડી સાંજ સુધી ઠપ થઈ ગયો હતો. હાઇવેની બંને બાજુ ૫ કિલોમીટરથી વધુ લાંબી વાહનોની કતારો લાગતાં માર્ગ સુમસાન બન્યો હતો. આ પૂરના કારણે ટ્રક ચાલકો, એસ.ટી. બસના મુસાફરો અને કાર સવારો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. ચીખલી એસ.ટી. ડેપો સામે પણ વાહનોનો ખડકલો થયો હતો. બીજી તરફ વેલણપુર ગામે ખરેરા નદીના બ્રિજનો એપ્રોચ રોડ ધોવાઈ જતાં અને વીજપોલ ધરાશાયી થતાં સ્થાનિક વાહન વ્યવહાર પણ સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો.


ભારે વરસાદ પહેલાં લાખો લોકોને ચેતવણી સંદેશ અપાયો પરંતુ એલર્ટ માટેની

## મોબાઈલમાં સાયરન વાગતાં લોકો ગભરાયા

**તંત્રએ** 'એક્સટ્રીમલી સિવિયર એલર્ટ'નો મેસેજ મોકલતાં જ મોબાઈલમાં સાયરન વાગી

**સેલ** બ્રોડકાસ્ટ ટેક્નોલોજીથી મેસેજ મોકલાયો હતો

સુરતઃ દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એસડીએમએ) એ બુધવારે લાખો મોબાઈલ ફોન પર એકસાથે 'એક્સ્ટ્રીમલી સિવિયર એલર્ટ' મોકલતાં લોકોના મોબાઈલ પર અચાનક જ સાયરન વાગતાં




લોકો ગભરાઈ ઉઠ્યા હતા. જોકે, આ ચેતવણી આગામી 24 કલાક દરમિયાન સંભવિત ભારે વરસાદ અંગે લોકોને અગાઉથી સાવચેત કરવા માટે જારી કરવામાં આવી હોવાનું તંત્રે સ્પષ્ટ કર્યું હતું.

એસડીએમએના સંદેશ મુજબ આગામી 24 કલાક દરમિયાન ભરૂચ, છોટાઉદેપુર, દાહોદ, નર્મદા, નવસારી, પંચમહાલ, સુરત, તાપી, ડાંગ, વડોદરા અને વલસાડ જિલ્લામાં

...અનુસંધાન પાના 6 પર

ઘોલવડ-ઉંમરગામ વચ્ચે બ્રિજના ટ્રેક પર પાણી આવી જતાં દિલ્હી-મુંબઈનો રેલવ્યવહાર ઠપ

## રેલવે બ્રિજ પર પાણી ભરાતાં અનેક ટ્રેન રદ

**વંદેભારત**, રાજધાની અને દુરન્તો સહિતની 48 ટ્રેન રદ કરી દેવાઈ

**સુરત** સ્ટેશને 40 હજારથી વધુ મુસાફરો અટવાયા

સુરતઃ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગુરુવારે ખાબકેલા મુશળધાર વરસાદને કારણે પશ્ચિમ રેલવેનું ટ્રેન સંચાલન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સુરત-વિરાર રેલ સેક્શન પર આવેલા ઘોલવડ અને ઉંમરગામ

...અનુસંધાન પાના 6 પર

### સુરતથી મુંબઈ વચ્ચે 3 બ્રિજ પર પાણી ભયજનક સપાટીએ

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને પાણીના સ્તરમાં સતત વધારો થવાના કારણે મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દહાણુ અને વલસાડ વચ્ચે ટ્રેન વ્યવહારને કામચલાઉ ધોરણે માઠી અસર પહોંચી છે. સવારે 04:43 વાગ્યે ઉમરગામ રોડ-ઘોલવડ વચ્ચેના બ્રિજ નંબર 203 પર પાણી ભયજનક સપાટીએ પહોંચતાં ટ્રેન વ્યવહાર બંધ કરાયો હતો, જે સવારે 06:50 વાગ્યે 15 કિમી/

...અનુસંધાન પાના 6 પર

### નવસારી, વાપી, મહુવા રૂટની અનેક બસો અટકાવાઈ

**વાપી** થઈ આગળ જતી તમામ બસોને નવસારી થંભાવી દેવામાં આવી, અનાવલનો રૂટ બંધ કરી દેવાયો

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં પડી રહેલા અનરાધાર વરસાદ અને નીચાણવાળા વિસ્તારો તેમજ રસ્તાઓ પર પાણી ભરાઈ જવાના કારણે એસ.ટી. વાહનવ્યવહારને માઠી અસર પહોંચી છે. મુસાફરોની સલામતીને પ્રાથમિકતા આપતાં એસ.ટી. નિગમ દ્વારા દક્ષિણ ગુજરાતના અનેક મહત્વના રૂટ પરની બસોને અધવચ્ચે અટકાવવામાં આવી છે, જ્યારે કેટલાક અંતરિયાળ રૂટ સંપૂર્ણપણે બંધ કરી દેવાયા છે.

સૌથી વધુ અસર વલસાડ અને વાપી તરફ જતા વાહનવ્યવહાર પર પડી છે. નવસારી, ચીખલી, વલસાડ અને વાપી થઈને આગળ જતી તમામ બસોને સલામતીના ભાગરૂપે નવસારીમાં અટકાવી દેવાઈ છે, જેથી આગળ જતા મુસાફરોને અટકવાની નોબત

...અનુસંધાન પાના 6 પર

બારમી પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. ભગવતીબેન ભોગીલાલ ધમણવાલા
સ્વ. તા. ૨૪.૦૭.૨૦૧૪

"પ્રિયજનનો વિયોગ જીવનની એવી વેદના છે, જેને સમય પણ સંપૂર્ણપણે ભરી શકતો નથી. સ્વ. ભગવતીબહેનનો સ્નેહ, સંસ્કાર, મમતા અને પરિવાર પ્રત્યેનો અખૂટ પ્રેમ સદાય સૌના હૃદયમાં જીવંત રહેશે. તેઓ ભલે આજે આપણી વચ્ચે નથી, પરંતુ તેમની યાદો, તેમના આદર્શો અને આશીર્વાદ જીવનભર માર્ગદર્શન આપતા રહેશે. પરમાત્મા તેમના દિવ્ય આત્માને પોતાના શ્રીચરણોમાં સ્થાન સાથે ચિરશાંતિ અર્પે તેવી ભાવભીની પ્રાર્થના. "ૐ શાંતિ."

લિ. સ્વ. ભોગીલાલ અમરતલાલ ધમણવાલા
સ્વ. દિનેશચંદ્ર એ. ધમણવાલા | સ્વ.મદનબેન ડી. ધમણવાલા
સ્વ. મહેશચંદ્ર એ. ધમણવાલા | ગં. સ્વ. ભારતીબેન એમ. ધમણવાલા
અરૂણચંદ્ર એ. ધમણવાલા | કોકિલાબેન એ. ધમણવાલા
મયુર એમ. ધમણવાલા | નેહલબેન એમ. ધમણવાલા
હિરેન એ. ધમણવાલા | મોનિકાબેન એચ. ધમણવાલા
મિહિર એમ. ધમણવાલા | દેવ એચ. ધમણવાલા
તથા સમસ્ત ધમણવાલા પરિવારના હરિ ૐ નારાયણ

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ. પ્રવિણચંદ્ર રૂઘનાથજી નાયક
જન્મ તા. 03/01/૧૯૩૭ | સ્વ.તા. ૨૪/0૭/૨૦૨૫

આપની ચીર વિદાયથી અમે કલ્પવૃક્ષ સમા વડીલ ગુમાવ્યા છે,
આપની વ્હાલસોઈ યાદોનો અખૂટ ભંડાર અમારા હૃદયમાં ધબકયા કરે છે.
આપનું સિંહ સમું વ્યકિતત્વ, સદા હસતો ચહેરો, બધાને મદદરૂપ થવાની ભાવના,
ઉદારતા, નિડરતા અને આપના પ્રેમભર્યા સાનિધ્યમાં અનુભવી હતી એ હૂંફ, એ ઉષ્મા..
આપની સાથે વિતાવ્યો હતો એ સમય, એ જીંદગી.. એ બધું અકબંધ રહયું છે..
બસ કંઈક ખૂટે છે તો એ છે તમારું સાંનિધ્ય, તમારો એ સાદ ને તમારો એ વ્હાલ.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
દક્ષાબેન પ્રવિણચંદ્ર નાયક (પત્ની)
વિરલ પ્રવિણભાઈ નાયક (પુત્ર) | પંકિત વિરલ નાયક (પુત્રવધુ)
દીપ્તિ જતીનભાઈ નાયક (પુત્રી) | પૂનમ કાર્તિકભાઈ દેસાઈ (પુત્રી)
રાખી અંકિતભાઈ કાપડિયા (પુત્રી)
સમસ્ત રૂઘનાથજી વસંનજી દેસાઈ પરિવાર



પાંચમી પૂણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ
સ્વ. પ્રવિણચંદ્ર પ્રભુદાસ મોદી
જન્મ તા.: ૨૮-૦૧-૧૯૪૩ સ્વ.તા.: ૨૪-૦૭-૨૦૨૧
प्रसीद प्रभो चन्द्रचूड । प्रसीद प्रभो चन्द्रशेखर ॥
સમયની નિરંતર ગતિમાં, તમારા સંસ્મરણો હરહંમેશ અંકિત રહેશે
આપના પરિવારજનો
સ્વ. સરોજબેન પ્રવિણચંદ્ર મોદી
કેતન પ્ર. મોદી | નિરજ પ્ર. મોદી
રૂપલ કે. મોદી | પિંકી નિ. મોદી
આદિત્ય કે. મોદી | અદિતી મ. ત્રિવેદી
જૂહી એ. મોદી | મહર્ષિ જે. ત્રિવેદી
પાર્થ કે. મોદી | કૃષ્ણા નિ. મોદી
સમસ્ત પ્રભુદાસ ભાઈચંદ મોદી પરિવાર | ચાશી કે. મોદી

Hari Om
In Cherished Memory Of



Shri Kishinchand Tulsiani

May God's infinite love embrace him and grant him eternal peace. We come together in heartfelt remembrance of his divine soul.

PRAYER MEET
JULY 24th 2026 (Friday) | 5PM-6PM | BPAH Hall, Surat Panjarapole, Ghod-Dod Road

Rajni K Tulsiani (wife)
Children : Bharat-Bharti | Neena-Ramesh Pawan-Jyotika
Grandchildren : Palak, Dhairya, Kashish, Priyanka, Param, Aarya, Kabir
Tulsiani Family

॥ પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ ॥



સ્વ. શાંતિલાલ રતનજીભાઈ પટેલ
સ્વ.તારીખઃ ૨૪/૦૭/૨૦૨૫

અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા જીવન થકી
ઉજ્જવળ અમે, તમારા સંસ્કારોથી શોભતા અમે,
તમારા પુરુષાર્થથી સફળ અમે, તમે નથી,
તમારા સ્વર પણ નથી, છતાં પણ આશિષ મળ્યા તમારા,
હશે પુણ્ય કોઈ અમારા, જન્મોજનમ મળો તમો
અમોને અંતઃકરણની એ જ અભિલાષા...

લિ.
ગં.સ્વ. કુસુમબેન શાંતિલાલ પટેલ (પત્ની)
તરૂણ એસ. પટેલ (પુત્ર) | નિશા ટી. પટેલ (પુત્રવધુ)
અનંત એસ. પટેલ (પુત્ર) | નેહા એ. પટેલ (પુત્રવધુ)
કિરણ ડી. પટેલ (જમાઈ) | ડો. રોશની કે. પટેલ (પુત્રી)
આશ્વી, રેહાન, હિવા, જીઆના, મિહાન

હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. શ્રી નવનીતભાઈ ડી. પટેલ
જન્મ તા.: ૧૫/૦૯/૧૯૪૫ સ્વ. તા.: ૧૯/૦૭/૨૦૨૬

અમારા પરીવારના આપ્તજન
શ્રી નવનીતભાઈ(ભાણાભાઈ) દુર્લભભાઈ પટેલનું તા. ૧૯-૦૭-૨૦૨૬ ને રવિવારના રોજ થયેલ દુઃખદ અવસાનના સમાચાર જાણી દુઃખ અને આઘાતની લાગણી અનુભવીએ છીએ.
તેમણે પોતાના જીવન દરમ્યાન નિઃસ્વાર્થ સેવા પ્રમાણિકતા અને સમાજ કલ્યાણના કાર્યો દ્વારા અનેક લોકોના જીવનમાં પ્રકાશ ફેલાવ્યો હતો.
પરમાત્માં દિવંગત આત્માને પોતાના શ્રીચરણોમાં સ્થાન આપે તથા તેમના પરીવારજનોને આ અપરંપાર દુઃખ સહન કરવાની શકિત અને ધૈર્ય પ્રદાન કરે એવી અમારી હાર્દિક પ્રાર્થના.

લિ.
કનૈયાભાઈ એલ. કોન્ટ્રાકટર અને કુટુંબીજનો

દુઃખદ અવસાન - અંતિમયાત્રા



દિલગીરી સહ જણાવવાનું કે મારા પિતાશ્રી
સુભાષભાઈ બાબુભાઈ પટેલ (પાંચીયા) નું
આજ રોજ સાંજે ૮.૦૦ વાગે દુઃખદ અવસાન થયેલ છે.
એમની અંતિમ યાત્રા તા. ૨૪.૭.૨૬ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ વાગે અમારા નિવાસસ્થાનેથી નીકળી ઉમરા મુકામે જશે.
નિવાસસ્થાન : સારથી રેસિડેન્સી રુંઢ -મગદલ્લા સુરત.
નોંધ: લૌકિક રિવાજ બંધ છે. સાલ/વસ્ત્ર લાવવું નહીં.

સ્વ. સુભાષભાઈ બાબુભાઈ પટેલ (પાંચીયા)
સ્વ. તા. ૨૩/૦૭/૨૦૨૬

લિ.
કેવલ સુભાષભાઈ પટેલ (પાંચીયા)
તથા સમસ્ત પાંચીયા પરિવાર

દુઃખદ અવસાન-બેસણું




દિલગીરી સાથે જણાવવાનું કે, પતિ/પિતા/ભાઈ
સ્વ. જગદીશભાઈ મોહનલાલ રાણા (ચારણાવાલા)નું
તા. ૨૨/૦૭/૨૦૨૬ને બુધવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું બેસણું તા. ૨૪/૦૭/૨૦૨૬ ને શુક્રવારના સાંજે ૪:૦૦ થી ૭:૦૦ કલાકે ''લાઈન્સ કલબ હોલ'' લાલજી નગરની બાજુમાં, મોરારજી દેસાઈ ગાર્ડન પાસે, અડાજણ, સુરત મુકામે રાખેલ છે.

લિ. પત્નીઃ ઉર્મિલાબેન જગદીશભાઈ રાણા (માજી કોર્પોરેટર)
પુત્રઃ નીરવ જગદીશભાઈ રાણા
પુત્રવધુ : વૈશાલી નીરવ રાણા
પુત્રીઃ મયૂરી રાણા - જમાઈઃ ચિરાગ રાણા
ભાઈ : સ્વ. ડાહ્યાભાઈ ચારણાવાલા
સ્વ. ગણેશભાઈ ચારણાવાલા
સ્વ. કંકેશભાઈ ચારણાવાલા

સ્વ. જગદીશભાઈ મોહનલાલ રાણા (ચારણાવાલા)
સ્વ. તા. ૨૨/૦૭/૨૦૨૬

હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. શ્રી નવનીતભાઈ ડી. પટેલ
જન્મ તા.: ૧૫/૦૯/૧૯૪૫ સ્વ. તા.: ૧૯/૦૭/૨૦૨૬

ધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનના દાતા પરીવાર અને કારોબારી સમિતિના ભૂતપૂર્વ સભ્ય
શ્રી નવનીતભાઈ(ભાણાભાઈ) પટેલના તા. ૧૯-૦૭-૨૦૨૬ ને રવિવારના રોજ થયેલ દુઃખદ અવસાનના સમાચાર જાણી દુઃખ અને આઘાતની લાગણી અનુભવીએ છીએ.
પરમાત્માં દિવંગત આત્માને પોતાના શ્રીચરણોમાં સ્થાન આપે તથા તેમના પરીવારજનોને આ અપરંપાર દુઃખ સહન કરવાની શકિત અને ધૈર્ય પ્રદાન કરે એવી અમારી હાર્દિક પ્રાર્થના.

શોકાતુર પરિવાર
કનૈયાભાઈ એલ. કોન્ટ્રાકટર - પ્રમુખ
હિતેશભાઈ ડી. પટેલ સેક્રેટરી
ધી સુરત ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન

ભાવભીની શ્રદ્ધાંજલિ




આપણી સંસ્થાના આદરણીય
સ્વ. શ્રી નવનીતભાઈ ડી. પટેલ
જન્મ તા.: ૧૫/૦૯/૧૯૪૫ સ્વ. તા.: ૧૯/૦૭/૨૦૨૬

મંત્રી શ્રીનવનીતભાઈ(ભાણાભાઈ) દુર્લભભાઈ પટેલના
દુઃખદ અવસાનના સમાચારથી સમગ્ર શાળા પરિવારે ગાઢ શોકની લાગણી અનુભવે છે.
ઈશ્વર સદ્‌ગતના દિવ્ય આત્માને પોતાના શ્રીચરણોમાં સ્થાન આપે તથા પરિવારજનોને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ અને ધૈર્ય પ્રદાન કરે તેવી હાર્દિક પ્રાર્થના.

અમારી સંસ્થાના ટ્રસ્ટીઓ
ચોર્યાસી ઓલપાડ શિક્ષણ સંઘ | R.D. કોન્ટ્રાકટર, હાઈસ્કૂલ સાર્વજનિક ટ્રસ્ટ | P.R. કોન્ટ્રાકટર, હાઈસ્કૂલ સાર્વજનિક ટ્રસ્ટ
પ્રમુખ: કનૈયાભાઈ એલ. કોન્ટ્રાકટર | આચાર્ય: ભાવિશાબેન પી. ત્રિવેદી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ | આચાર્ય: ભૂમિકાબેન એ. દેસાઈ, પ્રાથમિક અને પૂર્વ પ્રાથમિક ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ
સમસ્ત શાળા પરિવાર

સંયુક્ત બેસણું



સ્વ. શ્રી નવનીતભાઈ ડી. પટેલ
જન્મ તા.: ૧૫/૦૯/૧૯૪૫ સ્વ. તા.: ૧૯/૦૭/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પતિ/પિતા
શ્રી નવનીતભાઈ(ભાણાભાઈ) દુર્લભભાઈ પટેલનું
તા. ૧૯-૦૭-૨૦૨૬ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયુ છે.

:: સદ્‌ગતનું સંયુક્ત પૂજા અને બેસણું ::
સદ્‌ગતની સંતપંથ પૂજા તા. ૨૭-૦૭-૨૦૨૬ ના સોમવારના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે સંતપંથ મંદિર અંબિકાનીકેતન ખાતે રાખવામાં આવી છે.
સદ્‌ગતનું સંયુકત બેસણુ તા.૨૫-૦૭-૨૦૨૬ ને શનિવાર રોજ સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ કલાક દરમ્યાન મહિડાભવન ઈચ્છાનાથ સુરત ખાતે રાખેલ છે.
લૌકીક રીવાજ સદંતર બંધ છે. (પૈસા ફૂલહાર બિસ્કીટ અને મીઠાઈ લાવશો નહી)

લિ.
ગં.સ્વ. સરયુબેન નવનીતભાઈ પટેલ | અલ્પેશભાઈ નવનીતભાઈ પટેલ
જેતલ જૈનીશભાઈ ઈજારદાર (જુલી) | ગં.સ્વ. ઉષાબેન ઉમાકાંતભાઈ કોન્ટ્રાકટર
જગદીશભાઈ દુર્લભભાઈ પટેલ | અજયભાઈ દુર્લભભાઈ પટેલ
તથા સમસ્ત પરીવાર